**કોર્મશીયલ કેસ નં. ૪/૨૦૨૫**

**<u>આંક-૫ લગત હુકમ</u>**

૧). વાદીએ આંક-૫ થી સી.પી.સી.ઓર્ડર-૩૯, રૂલ-૧, ૨ તથા કલમ-૧૯૧ મુજબ વચગાળાનો મનાઇ હુકમ મેળવવા અરજી કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી સ્ક્રેપ ડીલીગનો ધંધો કરે છે. પ્રતિવાદીએ તા. ૨૮/૮/૨૫ ના રોજ લોટ નં.૬૧૦૧૭૮૦૮૨૫, પચ્ચીસ હજાર કિલો કોપર વાયરવાળા લોટની જાહેર હરાજી રાખેલ જેમાં વાદીએ વધારે બોલી બોલતા હરાજીની શરત પ્રમાણે ૧૦% રકમ જમા કરાવેલ અને ડીલીવરીની તારીખ પહેલા તા.૭/૭/૨૫ ના રોજ હરાજીની પુરેપુરી રકમ જમા કરાવવાની અને ડીલીવરીના સમયે જી.પી.સી.બી.નું પ્રમાણપત્ર રજુ કરવાની શરત હતી, નિયત દિવસે પ્રમાણપત્ર સહિત ડીલેવરી લેવા ગયેલ ત્યારે પ્રતિવાદીએ ડીલેવરી આપવાનો ઇન્કાર કરેલ અને વાદીની ડીપીઝીટની રકમ ફોરફીટ કરી દીધેલ. પ્રતિવાદીએ વાદીના કોઈપણ કસુર વગર ડીલેવરી આપવાની ના પાડેલ હોય આ હરાજીવાળો માલ ફરીવાર હરાજીમાં રાખે રખાવે નહી તથા હરાજીવાળો માલ વાદીને સોંપી આપવા દાદ માંગેલ છે.

૨). સદર અરજી સંદર્ભે આ કામના પ્રતિવાદીને અરજન્ટ શોકોઝ નોટીસ કાઢવામાં આવેલ જે નોટીસ બજી જતાં પ્રતિવાદીએ વકીલશ્રી મારફતે હાજર થયેલ છે અને આંક-૧૩ થી લેખિત જવાબ રજુ કરી વાદીની મનાઇ અરજીની તમામ હકીકતો નકારી કાઢી વાદીએ ઇ ઓકશન સેલ હરાજીની શરતો મુજબ વર્તન કરેલ ન હોવાનું અને શરત મુજબ સી.પી.સી.બી.નું સર્ટીફીકેટ રજુ કરેલ ન હોય શરત મુજબનું પાલન કરેલ ન હોવાથી વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર થતા ન હોય વાદીની મનાઇ અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે અને પોતાના લેખિત જવાબ સાથે નિ.૧૫/૧ થી ૧૫/૯ સુધીથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

૩). ઉપરોકત જણાવેલ હકીકતો સંદર્ભે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થાય છે.

**મુદા**

(૧) શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું બેલન્સ ઓફ કન્વીનયનસી વાદીની તરફેણમાં છે?

(૩) શું મનાઇ હુકમ ના આપવામાં આવે તો વાદીને નાણાંથી ન ભરપાઇ થઇ શકે તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

૪). ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

મુદા નં.૧ નકારમાં

મુદા નં.૨ નકારમાં

મુદા નં.૩ નકારમાં

મુદા નં.૪ આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદા નં.૧ થી ૩**

૫). મુદા નં.૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલ હોય તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

સૌ પ્રથમ વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે નહી તે હકીકત અદાલત આંક-૫ ના અનુસંધાને વચગાળાની મનાઇ હુકમની અરજીનો નિર્ણય કરતી વખતે ધ્યાનમાં લેવી જરૂરી છે. હવે પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે પ્રથમદર્શનીય કેસ એટલે શું? તે અનુસંધાને એમ કહી શકાય કે કોઇ ચોકકસ મિલકત કે બાબત પ્રત્યે કોઇ વ્યકિતનો કાયદેસરનો અધિકાર અને તેવા વ્યકિતના કાયદેસરના અધિકારમાં બીજા વ્યકિત ધ્વારા ગેરકાયદેસરનો અવરોધ ઉત્પન્ન કરવામાં આવે કે અડચણ ઉભી કરવામાં આવતી હોય ત્યારે કાયદાની જોગવાઇ મુજબ પ્રથમ પક્ષકારે મનાઇ હુકમ મેળવવા સબબ પ્રથમદર્શનીય કેસ ગણાય.

૬). હાલના કિસ્સામાં જોઇએ તો દાવાવાળી મિલકત બાબતે વાદીનો પ્રથમદર્શનીય કેસ છે કે કેમ તે બતાવવા માટે વાદીએ સૌ પ્રથમ દાવાવાળી મિલકત અનુસંધાને પોતાનો કાયદેસરનો હકક કે અધિકાર અદાલતને બતાવવો પડે. એ અધિકાર માલીક હકક અંગેનો હોઇ શકે અથવા તો

મિલકતના કબજા અંગેનો પણ હકક હોઇ શકે અથવા તો તેવા પ્રકારનો કોઇ કાયદેસરના અધિકારોનો પણ હકક હોઇ શકે છે. વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવા માટે નિ.૩/૧ થી નિ.૩/૭ થી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વાદીએ નિ.૩/૧ થી રજુ કરેલ પ્રમાણપત્ર જોતાં વાદી કંપની રજીસ્ટર્ડ થયેલ કંપની છે. જયારે નિ.૩/૨ થી નિ.૩/૨ સુધીના દસ્તાવેજી પુરાવો વંચાણે લેતાં પ્રતિવાદી રેલ્વે ધ્વારા લોટ નં.૬૧૦૧૭૮૦૮૨૫, પચ્ચીસ હજાર કિલો કોપર વાયરવાળા લોટની જાહેર હરાજી કરવામાં આવેલી, જે હરાજીમાં વાદી કંપનીએ ભાગ લેતા વાદીની બીડ મંજુર થયેલ હોવાનું જણાય આવે છે તેમજ ત્યારબાદ વાદી તરફે નિ.૩/૩ થી જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે જોતાં, વાદીએ જાહેર હરાજીની શરત મુજબનું જી.પી.સી.બી. નુ માન્ય સર્ટીફીકેટ રજુ કરેલ ન હોવાથી લોટ રદ કરવામાં આવેલ છે. વધુમાં નિ.૩/૪ થી વાદીએ સી.પી.સી. કલમ-૮૦ મુજબની પ્રતિવાદીને આપેલ નોટીસ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી તરફે નિ.૧૫/૧ થી નિ.૧૫/૯ સુધીથી ઇ હરાજીના નિયમો, ઇ હરાજીની નકલ, તથા વાદી સાથે થયેલ પત્રવ્યવહારની નકલ રજુ કરેલ છે. આ તમામ દસ્તાવેજી પુરાવા તથા વાદીની મનાઇ અરજી તથા પ્રતિવાદી તરફે આંક-૧૩ થી રજુ કરેલ લેખિત જવાબ વંચાણે લેતાં તે હકીકત બિન તકરારી છે કે પ્રતિવાદી તરફે ઉપરોકત લોટ સંદર્ભે ઇ-હરાજી કરવામાં આવેલ હતી અને તે હરાજીમાં વાદીની બોલી મંજુર થતાં વાદીએ હરાજી મુજબની ૧૦ ટકા રકમ પ્રતિવાદી રેલ્વેમાં જમા કરાવેલ હતી. વધુમાં વાદીએ જી.પી.સી.બી.નુ જે સર્ટીફીકેટ રજુ કરેલ તે સર્ટીફીકેટ વેલીડ ન હોવાનું પ્રતિવાદીએ જણાવ્યા બાદ વાદીની તકરારી લોટની ડીલેવરી કેન્સલ કરેલ હોવા સંદર્ભે પક્ષકારો વચ્ચે કોઇ તકરાર નથી. પ્રતિવાદી તરફે પોતાના લેખિત જવાબમાં બચાવ લેવામાં આવેલ છે કે વાદીએ શરત મુજબની માન્ય પ્રમાણપત્ર રજુ કરેલ નથી. વધુમા વાદીએ હરાજી વખતે ભરેલ ૧૦% ડીપોઝીટની રકમ પ્રતિવાદીએ ફોરફીટ કરી દીધેલી હોવાની હકીકત પણ પ્રતિવાદી પોતાના જવાબમાં જણાવે છે જે સંદર્ભે વાદીને પણ કોઇ વાંધો કે તકરાર નથી.

૭) આમ ઉપરોક્ત હકિકતો અને દાવા અરજી ની હકિકતો ધ્યાને લેવામા આવે તો હરાજીવાળો માલ ફરીવાર હરાજીમાં રાખે રખાવે નહી તથા

હરાજીવાળો માલ વાદીને સોંપી આપવા અથવા વિકલ્પે ડીપોઝીટની ૧૦ ટકા રકમ વ્યાજસહ પરત કરવા દાદ માંગેલ છે. વાદીએ પોતાની મનાઇઅરજીમા પણ વૈકલ્પિક દાદ સિવાયની દાવાઅરજી મુજબની જ એકસરખી મુખ્ય દાદ માંગેલ છે જ્યારે મનાઇઅરજીની સેકન્ડ કોપીમા મનાઇઅરજીની દાદ ઉપરાંતની અન્ય દાદ પણ માંગેલ હોવાનુ ધ્યાન પર આવેલ છે. વાદીની મનાઇ અરજીની દાદ જોતા વાદી દાવાઅરજી મુજબની જ દાદ માંગતા હોવાનુ જણાય આવે છે. જેથી જો મનાઇહુકમ મંજુર કરવામા આવે તો પુરાવો લીધા સિવાય દાવાઅરજીનો આખરી નિર્ણય થઇ જાય તેમ છે તેવા સંજોગોમા મનાઇઅરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી નથી. વધૂમા વાદીએ મનાઇઅરજીમા જે દાદ માંગેલ છે તે જોતા નાણાથી ભરપાઇ થઇ શકે તેવી દાદ છે. વધુમા પ્રતિવાદીએ ખોટી રીતે સર્ટીફીકેટ માન્ય રાખેલ નથી તે હાલના તબક્કે પુરાવા લીધા સિવાય નક્કી કરી શકાય તેમ નથી. વધુમા માત્ર ૧૦ ટકા ડીપોઝીટની રકમ ભરેલ હોવા માત્રથી હરાજીવાળો તમામ માલ વચગાળાના તબક્કે વાદીને સોંપી દેવો પણ ન્યાયોચિત જણાતો નથી. જેથી મનાઇઅરજીના અનુસંધાને વાદીનો કોઇ પ્રથમદર્શનીય કેસ જણાતો નથી તેમજ બેલેન્સ ઓફ કન્વિનીયન્સી પણ વાદીની તરફેણમા જણાતી નથી. વધુમા મનાઇઅરજીની દાદ જોતા મનાઇઅરજી મંજુર કરવામા ન આવે તો વાદીને નાણાથી ન ભરપાઇ થઇ શકે તેવુ નુકશાન થાય તેમ નથી. જેથી મુદ્દા નંબર ૧ થી ૩ નો જવાબ નકારમા આપી મુદ્દા નંબર ૪ પરત્વે ન્યાયના હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>હુકમ</u>**

વાદીની મનાઇ અરજી આથી નામંજુર કરવામા આવે છે.

મનાઇઅરજીનો ખર્ચ દાવાના પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તારીખ ૭ મી માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ - ૭-૩-૨૦૨૬
દાહોદ.

(પ્રિતેશ એલ.પટેલ)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ
દાહોદ
જીજે ૦૦૮૯૦